જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૧૧/૨૦૨૦ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૯૬૬/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૨/૧૧/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૯૬ | ૧ | ૧૦૬૯૭ | ૧૬૮૩૦ | ૧ | ૧૬૮૩૧ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૧ | ૦ | ૫૮૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૨ | ૦ | ૫૨ | ૨૨૬ | ૦ | ૨૨૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૩૫૦ | ૫ | ૧૫૩૫૫ | ૧૬૧૯૩ | ૫ | ૧૬૧૯૮ |
| કુલ | | ૩૦૪૪૪ | ૬ | ૩૦૪૫૦ | ૩૯૧૧૦ | ૬ | ૩૯૧૧૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૦ | ૯,૯૧,૮૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫૨૧ | ૫,૨૧,૦૦૦/- |

# નકલી પોલીસના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ખાડીયા પોલીસ સ્ટેશન :**

## નકલી વુમન પોલીસ ઝડપી પાડી મુદ્દામાલ રીકવર કરી તથા ગુન્હામાં વપરાયેલ આર્ટીકલ કબ્જે કરતી ખાડીયા પોલીસ

મહે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધીક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-03 સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “ઇ” ડીવીઝન સાહેબ તથા પોલીસ ઇન્સપેકટરશ્રી પી.ડી.સોલંકી સાહેબ ખાડીયા પોલીસ સ્ટેશન નાઓ તરફથી આગામી દિવાળીના તહેવાર અનુસંધાને કોઇ અનઇચ્છનીય બનાવ ન બને તેમજ મિલ્કત સંબંધી ગુના બનતા અટકાવવા સારૂ સુચના મુજબ પો.સ.ઇ. પી.બી.ચૌધરી તથા સાથેના અ.હેડ કોન્સ. દિપસંગજી ઉદાજી તથા અ.લો.ર. પ્રદિપસિંહ રોહીતસિંહ તથા અ.લો.ર. સુભાષભાઇ શનાભાઇ અ.વુ.કો. આયશાબેન અલ્લાઉદ્દીન તથા વુ.લો.ર. જ્યોતિબેન શનાભાઇ નાઓ દ્વારા પો.સ્ટે, વિસ્તાર માંથી નકલી પોલીસ બની તોડ કરતી ગેંગ વિરૂધ્ધમાં ખાડીયા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦0૫૨૦0૩૭૫ દાખલ કરી તપાસ કરી આરોપી (૧) મીનાબેન વા/ઓ સાહીલકુમાર દિનેશભાઇ ગોહીલ (૨)પ્રીતિબેન વા/ઓ વિપુલકુમાર મુકેશભાઇ જાદવ (૩) ચેતન ઉર્ફે ચેતો દલસુખભાઇ પરમાર નાઓની ધરપકડ કરી તેઓ પાસેથી મુદ્દામાલની સંપૂર્ણ રકમ ૧,00,000/- (અંકે રૂપિયા એક લાખ) તેમજ ગુન્હામાં વપરાયેલ પોલીસ તરીકેનો યુનિફોર્મ રીકવર કરી આ ઇસમો વિરૂધ્ધ કાયદેસર કરી ગુન્હો દાખલ કરાવી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે તા. ૧૧/૧૧/૨૦૨૦.



# મોબાઇલ સ્નેચીંગના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઈમ બ્રાન્ચ :**

## બે મોબાઇલ ફોન અને એકટીવા સાથે બે આરોપીઓને પકડી કુલ્લે ૦૮ મોબાઇલ સ્નેચીંગના ગુન્હાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા મોબાઇલ સ્નેચીંગના ગુન્હાઓનો ભેદ ઉકેલવા સારૂ ઉપરી અધિકારીશ્રીઓ તરફથી સુચના આપવામાં આવેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એસ.સુવેરા નાઓના સ્કોડના પો.સ.ઇ.શ્રી એસ.જે.વાઘેલા તથા સ્કોડના માણસો આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા.

દરમ્યાન તા.૧૧/૧૧/૨૦૨૦ ના રોજ સ્ટાફના હે.કો.નારસિંહ મલુસિંહ અને હે.કો.નરેન્દ્રસિંહ શીવઅધારસિંહ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે સુભાષબ્રિજ સર્કલ પાસેથી આરોપી (૧) ભાવેશ ઉર્ફે ભાઉ સન/ઓફ પાલજીભાઈ રવાભાઈ પરમાર ઉ.વ.૧૯ રહે: ચાંદલોડિયા અમદાવાદ શહેર (૨) મનીષ સન/ઓફ તેજસિંહ લક્ષ્મણસિંહ ચૌહાણ ઉ.વ.૨૦ રહે: સમ્યક ગેલેક્ષી ગોદરેજ ગાર્ડન સીટી ચાંદખેડા અમદાવાદ શહેર નાઓને (૧) એક કાળા કલરનો નોકીયા કંપનીનો મોબાઈલ ફોન. કિં.રૂ. ૩૦૦૦/- તથા (૨) એક સિલ્વર કલરનો ઓપો કંપનીનો એ-૫૭ મોડલનો મોબાઇલ ફોન. કિંમત રૂ. ૮૦૦૦/- (૩) એક કાળા કલરનુ હોન્ડા કંપનીનુ એકટીવા કિરૂ.૫૦૦૦૦/- ની મત્તાનો મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે લઇ આરોપીઓને તા.૧૧/૧૧/૨૦૨૦ ના કલાક ૧૯/૧૫ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ.આ કામે કબ્જે લીધેલ મુદામાલ બાબતે પાલડી અને વાડજ પો.સ્ટે ના ગુન્હાઓ શોધાયેલ છે.

### આરોપીઓનો પુર્વ ઇતિહાસ

પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી મનીષ સન/ઓફ તેજસિંહ લક્ષ્મણસિંહ ચૌહાણ સને-૨૦૧૯ ની સાલના નવેમ્બર મહિનામાં ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં મોબાઈલ ફોનની લુંટના ગુન્હામાં પકડાયેલ છે.

### કુલ્લે ૦૮ ગુન્હાઓ આચરેલ હોવાની કબુલાત

(૧) તા.૧૯/૦૯/૨૦૨૦ ના રોજ એકટીવા નંબર જીજે-૦૧-વીડી-૪૬૭૭ નુ લઇ પાલડી વિસ્તારમાં જતા હતા અને આ વખતે બાદશાહ ડેરી પાસે આવેલ એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ સામે રોડ ઉપર એક ભાઇ તેના હાથમાં ફોન લઇને ચાલતા ચાલતા જતા હતા તે વખતે ચાલુ એકટીવા ઉપર તે ભાઈનો નોકીયા કંપનીનો મોબાઈલ ફોન ખેંચી લીધેલ હતો. તે બાબતે પાલડી પો.સ્ટે એ પાર્ટ એ ગુરનં.૧૧૧૯૧૦૧૬૨૦૦૫૧૪/૨૦૨૦ ધી ઈ.પી.કો કલમ ૩૭૯એ(૩),૧૧૪ મુજબનો ગુન્હો શોધાયેલ છે.

(૨) તા.૨૪/૦૮/૨૦૨૦ ના રોજ આશ્રમ રોડ ઈન્કમ ટેક્ષ ઔડાની ઓફીસ સામે રોડ ઉપર એક ભાઈ તેના હાથમાં ફોન લઈને ચાલતા ચાલતા જતા હતા તે વખતે ચાલુ એકટીવા પર આવી તે ભાઈનો ઓપો કંપનીનો મોબાઈલ ફોન ખેંચી લીધેલ હતો. તે બાબતે વાડજ પો.સ્ટે પો.સ્ટે એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૩૨૦૧૬૩૮/૨૦૨૦ ધી ઈ.પી.કો કલમ ૩૭૯એ(૩),૧૧૪ મુજબ નો ગુન્હો શોધાયેલ છે.

(૩) આજથી આશરે બે માસ અગાઉ એક્ટીવા ઉપર બેસી ગોતા બ્રિજના છેડેથી એક ઈસમના હાથમાંથી રેડમી કંપનીનો એક મોબાઈલ ફોન ખેંચી નાસી ગયેલ હતા.

(૪) આજથી આશરે બે માસ અગાઉ એક્ટીવા ઉપર બેસી ગોતા ઓગણજ જવાના રોડ ઉપર એક ઈસમના હાથમાંથી વીવો કંપનીનો એક મોબાઈલ ફોન ખેંચી નાસી ગયેલ હતા.

(૫) આજથી આશરે બે માસ અગાઉ બોપલ વિસ્તારમાં એક્ટીવા ઉપર આવી બે ઈસમોને ઉભા રાખી તેઓ બંને પાસેના એક વીવો મોબાઈલ ફોન તથા એક સેમસંગ મોબાઈલ ફોન લઈ નાસી ગયેલ હતા.

(૬) આજથી આશરે બે માસ અગાઉ ભાટ ટોલ ટેક્ષ અને એપોલો સર્કલ વચ્ચે બપોરના સમયે એક મોટર સાયકલ વાળાને એક મોબાઈફોન તથા રોકડા રૂ.૨૭૦૦/- લુંટી લીધેલ.

(૭) આજથી બે માસ અગાઉ એવેન્જર મોટર સાયકલ ઉપર જઈ સાબરમતી કેનાલ ઉપર ચાલતા એક ઈસમને રોકી તેની પાસેથી એક સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન લુંટી નાસી ગયેલ.

(૮) આજથી બે માસ અગાઉ વૈષ્ણોદેવી સર્કલથી રીંગ રોડ ઉપર આવેલ સાબરમતી રેલ્વે ગરનાળાના સર્વિસ રોડ ઉપર બપોરના સમયે એવેનજર બાઈક ઉપર જઈ એક ઈસમને ઉભો રાખી ઓપો કપનીનો મોબાઈલ ફોન લુંટી નાસી ગયેલ.

**<u>શોધાયેલ ગુન્હા</u>**

(૧) પાલડી પો.સ્ટે એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૬૨૦૦૫૧૪/૨૦૨૦ ધી ઈ.પી.કો કલમ ૩૭૯એ(૩), ૧૧૪ મુજબ (૨) વાડજ પો.સ્ટે પો.સ્ટે એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૩૨૦૧૬૩૮/૨૦૨૦ ધી ઈ.પી.કો કલમ ૩૭૯એ(૩), ૧૧૪ મુજબ

ઉપરોકત આરોપીઓએ સ્નેચીંગ કરેલ બીજા મોબાઇલ ફોનો રીકવર કરવાની કાર્યવાહી ચાલુ છે.



# પાસા અટકાયતની વિગત

## નારોલ પોલીસ સ્ટેશન :

## ગેર કાયદેસર વિજ કનેકશન લઇ અસામાજીક પ્રવુતિ આચરતા ઇસમને પાસા અટકાયત હેઠળ મધ્યસ્થ જેલ લાજપોર સુરત મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા હમઝાનગર તથા બાગેકૌશર તથા ખ્વાજાનગર જેવા વિસ્તારમા દાદાગીરી કરી આધિક ફાયદા સારુ ટોરેન્ટ પાવરની ડી.પી માંથી ગેર કાયદેસર વિજળી લઇ છાપરા દુકાનો તેમજ મકાનોમા આપી આધિક નાણા મેળવી અસામાજીક આચરતા ઇસમ વિરુધ્ધ ગુનાઓની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જેથી પો.ઇન્સ.શ્રી તથા સ્ટાફના માણસોએ નારોલ વિસ્તારમા દાખલ થયેલ ગુનાઓ જેમાં (૧) નારોલ પો.સ્ટે. પાર્ટે-અ.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૦૦૮૫૬/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૩૬, ૨૮૭, ૪૨૭,૧૨૦(બી) ૧૩૮ મુજબ તથા (૨) નારોલ પો.સ્ટે. પાર્ટે-અ.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૦૦૮૫૭/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૩૬, ૨૮૭, ૪૨૭, ૧૨૦(બી) ૧૩૮ મુજબના આરોપી :- સાદીક ઉર્ફે ટીનો રઝાકભાઇ જાતે પરમાર ઉવ.૩૬ રહે.મ.નં-૨ ખોખરા રો હાઉસ રસુલાબાદ શાહઆલમ દાણીલીમડા અમદાવાદ શહેર નાઓની અસામાજીક પ્રવુત્તિ સબબ તેમના વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાએ ઉપરોક્ત આરોપી વિરૂદ્ધ પાસા ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૧૧૭૭/૨૦૨૦ તા.૧૨/૧૧/૨૦૨૦ ના રોજ પાસા અટકાયતી નો હુકમ કરતા ઉપરોક્ત આરોપીના પાસા હુકમની તા.૧૩/૧૧/૨૦ ના કલાક ૧૪/૦૦ વાગે બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરેલ છે. તા.૧૩/૧૧/૨૦૨૦.

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :**

એસ.એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

અ.પો.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં.૬૦૮૦ તથા અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪ તથા અ.પો.કો સહદેવસિંહ નટવરસિંહ બ.નં.૬૨૮૪

**આરોપીનો ફોટો**



## ઓઢવ પોલીસ સ્ટેશન :

## પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબ શ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબ શ્રી. નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નરશ્રી. અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં- PCB/DTN/PASA/1175/2020 તા. 12/11/2020 અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને વડોદરા જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે. તા. ૧૩/૧૦/૨૦૨૦

## પાસા અટકાયતી

આર્ચીકુંવરબા ડો/ઓફ રાજેન્દ્રસિંહ ચંદ્રસિંહ સોલંકી ઉ વ ૨૮ રહેવાસી મ નં સી/૭૫૨ મુની સુવ્રત સ્વામી સોસાયાટી શેઠ આર ટી સ્કુલની પાછળ આદીનાથનગર ઓઢવ અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.સ.ઈ.શ્રી ડી.બી.પલાસ તથા હે.કો.રાજેશભાઇ રમેશભાઇ બ.નં.૬૭૭૯ તથા અ.પો.કો.છાપરાજભાઇ ઉગાભાઇ બ.નં.૧૧૩૫૬ તથા તથા એલ.આર.જયદિપભાઇ કનુભાઇ બ.નં.૧૨૯૪૭ તથા પો.કો.અગરસિંહ દોલતસિંહ બ.નં.૧૧૮૨૧ વુ.પો.કો.માયાબેન રમેશભાઇ બ.નં. ૩૫૧૫

**નશાબંધી હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૯૬૭/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૯૪ લીટર દેશી દારૂ, ૧૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨૩૩ ક્વૉટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૯૬૮/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૯૬૯/૨૦૨૦**

**સોલા હાઇકોર્ટ:** વરેશભાઇ નંદલાલભાઇ મહેશ્વરી (રહે. મોહન ફ્લેટ્સ ભેરવનાથ રોડ મણીનગર) એ તા.૧૨/૧૧/૨૦૨૦ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૧૧/૨૦૨૦ રાતના ૧૦/૦૦ થી તા.૦૪/૧૧/૨૦૨૦ કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન ચાંદલોડીયા બ્રીજ નીચે ભલો ફેશન નામની દુકાનનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાથી આશરે ૧૦૦ જીન્સ પેન્ટ કિમત રૂપિયા ૭૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.રાણા ચલાવે છે.

**ચોરી :** **સમાચાર યાદી નં.૧૯૭૦/૨૦૨૦**

**સરદારનગર:** દિવ્યાબહેન વા/ઓફ નરેશભાઇ દાસાની (રહે.રામદરબાર ગલી સિધેશ્વર મંદીર સામે બંગ્લા એરીયા કુબેરનગર સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૧/૨૦૨૦ સાજના ૫/૦૦ વાગ્યા પહેલા કુબેરનગર સીંધી માર્કેટ માલા મેચીંગ કપડાની એપલ કંપનીનો મોબાઇલ ફોન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૮,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.ઢોડીયા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ:** **સમાચાર યાદી નં.૧૯૭૧/૨૦૨૦**

**“કે” ટ્રાફીક પોલીસ સ્ટેશન:** નરેશભાઇ હિરાભાઈ ડાભી (ઉ.વ.૪૦) (રહે.ઓમ શાંતિનગર ફેસ-૨ ભમ્મરીયા નારોલ) તા.૧૧/૧૧/૨૦૨૦ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે લાંભા ભમ્મરીયા વળાંક નજીકથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રક નંબર જીજે ૦૧ ડીટી ૭૭૩૩ ના ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા નરેશભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર નરેશભાઇના ભાઈ ગૌરાંગભાઈ ડાભીએ “કે” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.ડી.ગમાર ચલાવે છે.

<u>**આત્મહત્યાઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૧૯૭૨/૨૦૨૦**</u>

**સોલા હાઈકોર્ટઃ** અજીતભાઇ બીજલભાઇ(ઉ.વ.૨૦) (રહે. કાચા છાપરાં દશામાના મંદિર જનતાનગર રેલ્વે ક્રોસિંગ ઘાટલોડિયા) એ અગમ્ય કારણસર તા.૧૧/૧૧/૨૦૨૦ રાતના ૧૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે લાકડાની વળી સાથે દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ખમુભાઈ કાનજીભાઈ ચલાવે છે.

**સરદારનગરઃ** અમર સ/ઓ દયારામભાઇ આહુજા (ઉ.વ.૩૩) (રહેઃ હરીઓમ એપાર્ટમેન્ટ એફ વોર્ડ કુબેરનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૧/૨૦૨૦ કલાક ૧૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કિંજેશભાઇ નૈલેષભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી